# આઈપીએલમાં ચેન્નાઈ અને મુંબઈ વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

**તાજ કોણ જીતશે તેને લઇને કરોડો ચાહકોમાં ભારે ઉત્સુકતા : ધોનીના નેતૃત્વમાં ચેન્નાઇ સુપર કિંગ્સને ક્વાલફાયર- એકમાં મળેલી હારનો બદલો લેવાની તક : બંને ટીમોના ખેલાડીઓ જોરદાર ફોર્મમાં હોવાથી રોમાંચ**

હૈદરાબાદ,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઇ રહ્યા હતા તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૨ની ફાઇનલ મેચ આવતીકાલે ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાનાર છે. ફાઈનલ જંગને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ચેન્નાઈની ટીમ આઠમી વખત ફાઈનલમાં પહોચી છે. આવતીકાલે રવિવારના દિવસે હૈદરાબાદમાં ભારે રોમાંચ વચ્ચે આ મેચ રમાશે. બંને ટીમો ચાર વખત સામ સામે આવી ચુકી છે. ફાઈનલ મેચ માટે તખ્તો ગોઠવાઈ ગયો છે. આઈપીએલ-૨ ક્વાલિફાયર મેચમાં ચેન્ના સુપરે દિલ્હીને હાર આપીને ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. બંને ટીમો હજુ સુધી ત્રણ ત્રણ વખત આઈપીએલ ટ્રોફી પોતાના નામ પર કરી ચુકી છે. બંને ટીમો ટ્રોફીનો ચોગ્ગો લગાવી દેવા માટે તૈયાર છે. છેલ્લી ૧૧ સીઝનમાં બંને ટીમો ૩-૩ ટ્રોફી જીતી ચુકી છે. ફાઈનલ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાનાર છે. રવિવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી મેચનુ પ્રસારણ કરવામાં આવનાર છે. આંકડાની વાત કરવામાં આવે તો ચેન્નાઈની ટીમ આઠ વખત ફાઈનલમાં પહોંચી છે અને ત્રણ વખત જીતી ગઈ છે. તે જોતા તેની પાસે તક વધારે રહેલી છે. મુંબઈ ઈન્ડિયન્સ પાંચ વખત આ કારનામો કરી શકી છે. આ બંને ટીમો વચ્ચે હજુ સુધી ત્રણ ફાઈનલ મેચ રમાઈ છે. જે પૈકી બે વખત મુંબઈની ટીમ જીતી છે. રોમાંચક બાબત એ છે કે મુંબઈ ઈન્ડિયન્સે જે ત્રણ વખત આઈપીએલ ટ્રોફી જીતી છે તે પૈકી બે વખત ચેન્નાઈને હાર આપીને ટ્રોફી જીતી છે. જ્યારે એક વખત તેને ધોનીની ટીમ સામે હારનો સામનો કરવો પડ્યો છે. જો કે કેપ્ટન તરીકે રોહિત શર્માની જીતની ટકાવારી ૧૦૦ ટકા છે. કારણ કે મુંબઈની ટીમે ૨૦૧૦માં જે ફાઈનલમાં હારનો સામનો કર્યો હતો તેમાં કેપ્ટન તરીકે સચિન તેન્ડુલકર હતો.

આ સિઝનમાં ત્રણ વખત ટક્કર થઈ હતી. જે પૈકી ત્રણેયમાં રોહિત શર્માની ટીમ જીતી ગઈ હતી. કેપ્ટન રોહિત શર્મા અને ધોનીની કેપ્ટનશીપ જોરદાર રહી છે. બંને ટીમોની તાકાતન વાત કરવામાં આવે તો મુંબઈ ઈન્ડિયન્સની પાસે કેટલાક સ્ટાર ખેલાડી છે. જેમાં રોહિત શર્મા અને ડીકોકનો સમાવેશ થાય છે. જ્યારે મીડલ ઓર્ડરમાં તેની પાસે સુર્યકુમાર, કાયરન પોલાર્ડ, હાર્દક પંડ્યા અને કૃણાળ પંડ્યા જેવા ખેલાડી છે. બોલિંગમાં તેની પાસે જશપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા છે. જે ક્રમશ ૧૭ અને ૧૪ વિકેટ લઈ ચુક્યા છે. કેપ્ટન અંગે વાત કરવામાં આવે તો રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની બંને ખુબ ઓછો ગુસ્સો કરતા મેદાનમાં નજરે પડે છે. બીજી એક બાબત પણ બંનેમાં એક સમાન દેખાઈ આવે છે આ બાબત એ છે કે બંને કેપ્ટન પોતાની અંતિમ ઈલેવનમાં ફેરફાર ખુબ ઓછા કરે છે.

# ભારતને મળ્યું હેલિકોપ્ટર 'અપાચે'

**ભારતે ૨૦૧૫માં અમેરિકન કંપની બોઇંગ સાથે ૨૨ અપાચેની ડીલ કરી હતી : ભારતે અમેરિકા પાસેથી પ્રથમ અપાચે ગાર્ડિયન અટેક હેલિકોપ્ટર મેળવ્યું, અમેરિકાની જેમ ભારત પણ આતંકવાદીઓના ઠેકાણા પર એરસ્ટ્રાઇક કરી શકશે, આ વર્ષે જુલાઇ સુધી હેલિકોપ્ટરની પ્રથમ બેચ ભારત મોકલવાનો પ્રયાસઃ વાયુસેનાનું ટ્વિટ**

ન્યુ દિલ્હી,તા.૧૧

અમેરિકાથી ભારતને પ્રથમ અપાચે ગાર્ડિયન અટેક હેલિકોપ્ટર મળ્યું છે. અમેરિકાના એરિઝોનામાં સ્થિત પ્રોડક્શન ફેસિલિટી સેન્ટરમાં ભારતીય વાયુસેનાએ પ્રથમ હેલિકોપ્ટર મેળવ્યું. ભારતે અમેરિકાની સાથએ ૨૨ અપાચે ગાર્ડિયન અટકે હેલિકોપ્ટરનો કરાર કર્યો છે. ભારતીય વાયુસેનાએ આ પ્રસંગે ટ્વીટ કરીને કહ્યું, આ વર્ષે જુલાઇ સુધી હેલિકોપ્ટરની પ્રથમ બેચ ભારત મોકલવાનો પ્રોગ્રામ છે. એર-ક્રૂ અને ગ્રાઉન્ડ ક્રૂએ અલબામા સ્થિત અમેરિકન સેનાના ટ્રેનિંગ ફેસિલિટીમાં પ્રશિક્ષણ લીધું હતું. અપાચેને સોંપવાના પ્રસંગે ભારતીય વાયુસેનાના એરમાર્શલ એ એસ બુટોલા અને અમેરિકી સરકારના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. અપાચે ગાર્ડિયન મલ્ટી રોલ ફાઈટર હેલિકોપ્ટર છે. જે ૨૮૪ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. તેમાં બે હાઈ પર્ફોર્મન્સ એન્જિન લગાવેલા હોય છે.

ભારતે ૨૦૧૫માં અમેરિકન વિમાન પ્રોડક્શન કંપની બોઇંગ સાથે ૨૨ અપાચે ખરીદવાની ડીલ કરી હતી. ૨.૫ અબજ ડોલર (અંદાજિત ૧૭.૫ હજાર કરોડ રૂપિયા)ની આ ડીલમાં ૧૫ ચિનૂક હેલિકોપ્ટર પણ સામેલ હતા. બોઇંગ અનુસાર, સૌથી શક્તિશાળી હેલિકોપ્ટર અપાચેને ખાસ પ્રકારે ભારતીય વાયુસેનાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા. ઓછી ઉંચાઇ પર ઉડાણની ક્ષમતાના કારણે તે પહાડી વિસ્તારમાં છૂપાઇને વાર કરવામાં સક્ષમ છે.

હેલિકોપ્ટરમાં લેઝ, ઇન્ફ્રારેડ અને અન્ય નાઈટ વિઝન સિસ્ટમ લગાવવામાં આવી છે. જે અંધારામાં પણ દુશ્મનોને ટાર્ગેટ કરીને પ્રહાર કરી શકે છે. હેલિકોપ્ટરથી અત્યાધુનિક મિસાઈલ ફાયર કરી શકાય છે, સાથે જ તે અનેક પ્રકારના બોમ્બ બ્લાસ્ટ કરવામાં પણ સક્ષમ છે. દુશ્મનોની નજરે પડ્યા વગર આ હેલિકોપ્ટર ટાર્ગેટ લોકેશનને નષ્ટ કરી શકે છે.



અપાચેનું નિર્માણ અમેરિકાના એરિઝોનામાં થયું છે. આ અગાઉ ભારતીય વાયુસેનાને ચિનૂક હેવીલિફ્ટ હેલિકોપ્ટર મળી ગયું છે. બોઇંગ AH-64 E અપાચે વિશ્વના સૌથી ઘાતક હેલિકોપ્ટર ગણાય છે. ગત વર્ષે અમેરિકાએ ભારતીય સેનાને છ એએચ-૬૪ઈ હેલિકોપ્ટર આપવાની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. જેને ચીન અને પાકિસ્તાની બોર્ડર પર તહેનાત કરવામાં આવશે.

# નબળી સરકારથી દેશ ક્યારેય મજબુત બની શકે નહી : મોદી

**ગાજીપુર અને રોબર્ટગંજમાં ઝંઝાવતી પ્રચાર : કોંગ્રેસ અને મહામિલાવટના લોકોએ પોતાના પરિવારના વિકાસ માટે ધ્યાન આપ્યું : નરેન્દ્ર મોદીએ કરેલો આક્ષેપ**

રોબર્ટગંજ, તા. ૧૧

લોકસભા ચુંટણી માટે



પ્રચારનો સિલસિલો જારી રહ્યો છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશમાં તીવ્ર પ્રચાર કરવા માટે પહોચ્યા હતા. એક પછી એક રેલી યોજી હતી. જેમાં મોદી કોંગ્રેસ અને મહાગઠબંધન ઉપર પ્રહારો કર્યા હતા. મોદી અને બસપના વડા માયાવતી વચ્ચે સામસામે આક્ષેપબાજીનો દોર જારી રહ્યો છે. મોદીએ ફરી એકવાર માયાવતી પર પરોક્ષ રીતે જાતિને લઈને પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, હવે એવુ પણ કહેવામાં આવી રહ્યું છે કે, મોદીની જાતિ કઈ છે. પરંતુ તેવો કહેવા માંગે છે કે, આ દેશના ગરીબોની જે જાતિ છે તે તેમની જાતિ રહી છે.

શુક્રવારના દિવસે માયાવતીએ મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી રાજકીય સ્વાર્થ માટે બીન જરૂરી રીતે પછાત જાતિના બનેલા છે. માયાવતીએ કહ્યું હતું કે, જો મોદી જન્મથી પછાત જાતિના રહ્યા હોત તો સંઘના લોકોએ ક્યારેય પણ મોદીને વડાપ્રધાન બનાવ્યા ના હોત. મોદીએ ઉત્તર પ્રદેશમાં આક્રમક પ્રચાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા સામ પિત્રોડા દ્વારા કરવામાં આવેલા નિવેદનથી તમામ લોકો ચોકી ગયા છે.

## પ્રિયંકાએ ટ્યૂમર પીડિત બાળકીને પ્રાઈવેટ વિમાનમાં હોસ્પિટલ પહોંચાડી

લખનઉ,તા.૧૧

લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ માનવતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમણે ટ્યૂમર સામે લડી રહેલી બાળકીની મદદ માટે હાથ લંબાવ્યા હતા. શુક્રવારે બાળકીની હાલત ગંભીર થઈ જતા તેમણે એક પ્રાઈવેટ વિમાન દ્વારા બાળકીને ઉત્તર પ્રદેશનાં પ્રયાગરાજમાં આવેલી કમલા નહેરુ હોસ્પિટલથી દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરાવી હતી. ટ્યૂમર સામે ઝઝૂમી રહેલી એક બાળકી પ્રયાગરાજની કમલા નહેરુ હોસ્પિટલમાં સારવાર કરાવી રહી હતી, પરંતુ તેના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો થતો ન હતો. આ જોઈને આર્થિક રીતે પછાત પરિવાર મૂંઝવણમાં મુકાઈ ગયું હતું. ત્યારબાદ તેમણે બાળકીની સારવાર માટે પ્રિયંકા ગાંધી વાડ્રાનો સંપર્ક કર્યો હતો. સમગ્ર વાતની જાણ થતા પ્રિયંકા ગાંધીએ બાળકીની મદદ માટે તરત જ હાથ લંબાવ્યો હતો. પ્રિયંકા ગાંધીએ અલ્હાબાદ સંસદીય બેઠક પરથી કોંગ્રેસ ઉમેદવાર યોગેશ શુક્લાનો ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ શુક્લા, ગુજરાત કોંગ્રેસનાં નેતા હાર્દિક પટેલ અને પૂર્વ સાંસદ મોહમ્મદ અઝહરુદ્દીનને તાત્કાલિક ધોરણે ટ્યૂમર પીડિત બાળકીને દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં સારવાર કરાવવાનો આદેશ આપ્યો હતો. કોંગ્રેસ નેતાઓએ ચૂંટણી પ્રચારને અધવચ્ચેથી છોડીને બાળકી સહિત તેના પરિવારને એઈમ્સ પહોંચાડવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા.

# આગામી ચૂંટણી બે વિચારધારા માટેની લડાઈ : રાહુલ ગાંધી

**મોદી ગાળો આપે છે પરંતુ તેઓ ઝપ્પી આપે છે : નફરતને નફરત મારફતે દુર કરી ન શકાય : ન્યાય યોજના મારફતે પાંચ વર્ષના નુકસાનની ભરપાઈ કરવામા આવશે**

શાજાપુર, તા. ૧૧

લોકસભા ચુંટણીમાં પ્રચારમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ આજે વ્યસ્ત રહ્યા હતા. રાહુલ ગાંધીએ આજે મધ્યપ્રદેશના શાજાપુર જિલ્લાના શુજાલપુર ખાતે ચૂંટણી રેલ યોજી હતી. જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી ગાળો આપે છે પરંતુ તેઓ તેમને ઝપ્પી આપે છે. આજે દેવાસ લોકસભા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર ટિપાનિયાના સમર્થનમાં ચૂંટણી રેલી યોજતા રાહુલ ગાંધીએ મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતુ કે, તેઓ મોદીથી નફરત કરતા નથી. નરેન્દ્ર મોદી જેટલી નફરત કરે કરી શકે છે. મોદી પરિવાર અંગે જેટલુ પણ ઈચ્છે બોલી શકે છે. પરંતુ નફરતને નફરતથી દુર કરી શકાય નહી. નફરતની સાથે તેઓ નરેન્દ્ર મોદીને પરાજીત કરી શકે નહી.



મોદીને માત્ર પ્રેમથી હરાવી શકાય છે. સંસદમાં ચર્ચા દરમિયાન મોદીને ગળે લાગવાની ઘટના તરફ ઈશારો કરતા રાહુલે કહ્યું હતું કે, જેટલી નફરત તમે કરશો એટલી ઝપ્પી અમે તમને આપશું. રાહુલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીના મનમાં ગુસ્સો છે નફરત છે પરંતુ અમારુ કામ નફરતને દુર કરવાનું છે. મોદી તેમના પિતા, દાદા, અન્યો અંગે વાત કરે છે નફરતથી બોલે છે પરંતુ અમે આને લઈને હેરાન નથી.

## ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા પીવાના પાણીની તંગીના નિરીક્ષણ માટે અરવલ્લીની મુલાકાતે

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે જીલ્લા પ્રભારી સચિવ જાદવે વહીવટી તંત્ર સાથે બેઠક યોજી હતી જીલ્લાના અંતરિયાળ વિસ્તરોમાં વિકટ બનેલી પાણીની સમસ્યામાં રાજકારણ ઉમેરાયું છે. ભાજપના જીલ્લા પ્રભારી રમણલાલ પાટકરે પક્ષના અગ્રણીઓ અને હોદ્દેદારો સાથે બેઠક યોજ્યા બાદ ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા શામળાજી મંદિરમાં શામળિયા ભગવાનને માથું ટેકવી પાણીની તંગીથી પીડાતા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઈ પ્રજાજનોને હૈયાધારણા આપી હતી. બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ગેરહાજરીથી અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા.

ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારા અને જીલ્લા પ્રમુખ સહીત કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો સાથે પીવાના પાણીથી વંચિત વિસ્તારોની મુલાકાત લઈ પ્રજાજનોને સાંભળ્યા હતા. ભિલોડાના ડોડીસરા ગામે હેંડપંપ જાતે હલાવી પાણી કાઢવાનો પ્રયત્ન કરતા પાણી ન નીકળતા સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અન્ય હાથિયા ગામે પણ મહિલાઓની પાણીની વેદના સાંભળી હતી.

અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ કરી ભાજપ પર આકરા પ્રહારો કરી ખેડૂતોના મત મેળવી ખેડૂત લૂંટાઈ રહ્યો છે. ખેડૂતોને લૂંટવાનો પરવાનો આપી રહી છે રાજ્યમાં મગફળી કૌભાંડ, તુવેર કૌભાંડ અને છેલ્લા ત્રણ દિવસથી ખાતર કૌભાંડ બહાર આવ્યું છે જેમાં ખેડૂતોને ખુલ્લેઆમ કંપની દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાની સાથે બે વર્ષમાં ૫૦૦ કરોડથી વધુનું કૌભાંડ બહાર આવ્યું છે અને આ કૌભાંડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હોવાનું જણાવ્યું હતું.

## ગઢમાં ધો.૧૦ના પરીક્ષા કેન્દ્રમા બિન અધિકૃત પ્રવેશ અંગે ફરિયાદ

પાલનપુર તાલુકાના ગઢ ગામ ખાતે માર્ચ મહિનામાં લેવાયેલી ધો.૧૦ એસ.એસ.સી બોર્ડની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રમાં બીનઅધિકૃત પ્રવેશ કરનાર શખ્સ અને તેને પ્રવેશ કરતા ન રોકનાર સુપરવાઈઝર વિરુધ્ધ કલેકટરના જાહેરનામાના ભંગ બદલ શાળાના મદદનીશ શિક્ષકે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ગુજરાત રાજ્યના માંધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ મહિના માં લેવાયેલી ધો.૧૦ ની પરીક્ષામાં ગઢ ગામની ન.લ.ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલમાં માં યુનિટ ૧ માં બ્લોક ૧થી૧૫ માં સી.સી.ટીવી કેમેરાની બાજ નજર હેઠળ પરીક્ષા લેવાઈ હતી. દરમિયાન, ગત તા.૯-૦૩-૨૦૧૯ ના સવારે ૧૦-૩૦ થી ૧-૩૦ વાગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પેપરમાં શૈલેશ કુમાર કાલુસિંહ દરબાર નામનો વ્યક્તિ પરીક્ષા કેન્દ્રના બ્લોકમાં બીનઅધિકૃત પ્રવેશ કર્યો હતો. જોકે પરીક્ષા કેન્દ્ર પર હાજર સુપર વાઈઝર પૂનમબેન રઘાભાઈ ગોઠીએ પોતાની ફરજ હોવા છતાંપણ આ બીનઅધિકૃત વ્યક્તિને રોકેલ ન હોઈ આ વ્યક્તિનો પરીક્ષા કેન્દ્રમાં બિન અધિકૃત પ્રવેશ સીસી કેમેરામાં કેદ થયો હતો. આ અંગે જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કાર્યવાહી કરવાનો આદેશ કરવામા આવતા શાળાના મદદનીશ શિક્ષક લક્ષીચંદ કાળીદાસ પટેલે ધો.૧૦ની ચાલુ પરીક્ષાએ બ્લોક માં બીનઅધિકૃત પ્રવેશ કરનાર ગઢના શૈલેષ કુમાર કાલુસિંહ દરબાર અને સુપરવાઈઝર પૂનમબેન ગોઠી વિરુધ્ધ ગઢ પોલીસ મથકે કલેકટરના જાહેર નામાનો ભંગ કરવા બદલ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગમાં વરસાદનો માહોલ

**ખેડબ્રહ્મા, અંબાજી, હિંમતનગરમાં વરસાદ : ગુજરાતમાં અમદાવાદમાં સૌથી વધારે ગરમીનો અનુભવ થયો : કમોસમી વરસાદના કારણે પાકને નુકસાનનો ભય**

ગાંધીનગર,તા.૧૧

ઉત્તર ગુજરાતમાં કેટલાક ભાગોમાં આજે કમોસમી વરસાદ થયો હતો. જેથી મહત્તમ તાપમાનમાં આજે પણ આ વિસ્તારોમાં ઘટાડો નોધાયો હતો. કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે ખેડુત સમુદાય ભારે ચિતાતુર છે. હવામાનમાં પલટો આવ્યા બાદ ઉત્તર ગુજરાતમાં જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. એક બાજુ કચ્છ સહિતના વિસ્તારોમાં ધુળ ભરેલી આંધી ચાલી હતી. બીજી બાજુ ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ થયો હતો. આજે ખેડબ્રહ્મા, હિંમતનગર, અંબાજી, વડાલી અને મોડાસામાં વરસાદ થયો હતો. ધાર્મિક વિસ્તાર અંબાજીમાં હાલમાં કમોસમી વરસાદ જારી રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં વરસાદના કારણે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો અને લોકોને તીવ્ર ગરમીથી રાહત મળી હતી. ખેડબ્રહ્મા અને અંબાજીમાં આવેલા શ્રદ્ધાળુઓને હવામાનમાં આવેલા પલટાની અસર જોવા મળી હતી. બાજી બાજુ હવામાન વિભાગથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. હવામાન વિભાગના કહેવા મુજબ અગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થશે નહીં. આજે અમદાવાદમાં પારો ૪૦.૮ રહ્યો હતો. આવતીકાલે અમદાવાદમાં ગરમીના પ્રમાણમાં આંશિક રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ અમદાવાદમાં જ થયો હતો. અમદાવાદ કરતા રાજ્યના અન્ય કોઈ ભાગમાં પારો અમદાવાદ કરતા વધારે રહ્યો ન હતો. બપોરના ગાળામાં ગરમીનો અનુભવ લોકોએ વધારે કર્યો હતો. રાજ્યના તમામ ભાગોમાં આજે પારો ૪૦થી નીચે પહોંચી ગયો હતો. તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળશે નહીં. હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી જેથી સામાન્ય લોકોને રાહત થઈ છે. આગામી દિવસોમાં હવામાનની સ્થિતિ બદલાય તેવા સંકેત દેખાઈ

# ઉત્તર ગુજરાતમાંથી સૌ પ્રથમ ગુગલમાં સોફ્ટવેર એન્જીનિયરીંગ તરીકે મોડાસાના મોહીબ અહેમદ મનવાની પસંદગી

મોડાસા, તા. ૧૧

મોડાસાનો યુવક સોફ્ટવેર એન્જીનિયરીંગ કર્યા બાદ ગુડગાંવ કંપનીમાં નોકરી કરતો હતો. કંપનીમાં ઈન્ટેલીજન્ટ કામ જોઈને ગુગલે એપોઈન્ટ કર્યો. મન હોય તો માળવે જવાયની ઉક્તિ સાબિત કરતો એક કિસ્સો મોડાસામાંથી બહાર આવ્યો છે. વાત જાણે એમ છે કે મોડાસાની મખદૂમ હાઈસ્કૂલમાં ધો-૧૨ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કરીને યુવકે સોફ્ટવેર એન્જીનિયરીંગ કર્યુ હતું. સોફ્ટવેર એન્જીનિયરનો અભ્યાસ પૂર્ણ કરી યુવક દિલ્હી નજીક ગુડગાંવની એક કંપનીમાં નોકરી અર્થે જોડાયો હતો. આ કંપનીમાં વિદેશથી કસ્ટમર આવતા જતા રહેતા હતા અને કંપનીના કર્મચારીઓની કામગીરી અંગે ધ્યાન રાખતા હતા. દરમિયાન આ યુવકની ઈન્ટેલીજન્સી વિદેશી કંપની ગુગલના ધ્યાને આવતાં તેને ઈન્ટર્વ્યુ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે અંગે આ યુવકે ગુગલમાં ઈન્ટર્વ્યુ આપતાં તે સફળ થયો હતો અને ગુગલ કંપનીએ યુવકને એપોઈન્ટ કરી દીધો હતો. મોડાસાના યુવકની ગુગલ કંપનીમાં નોકરી માટે પસંદગી થતાં સમગ્ર ઉત્તર ગુજરાતનો પ્રથમ યુવક ગુગલમાં એપોઈન્ટ થતાં મોડાસાનું ગૌરવ વધ્યું છે.

દુનિયામાં એવો કોઈ વ્યક્તિ નહીં હોય કે તેણે ગુગલનું નામ ન સાંભળ્યું હોય. હાલ સ્માર્ટ ફોન આવી જવાને કારણે તો દરેકના હાથમાં ગુગલની સાઈટો આંગળીના ટેરવે ફરતી હોય છે ત્યારે આવી દુનિયાની મોટી કંપનીમાંથી નોકરી માટેનું આમંત્રણ મળે તો હરખનો પાર ન રહે. આવો જ કિસ્સો મોડાસાના યુવક સાથે બન્યો છે. ગુગલે મોડાસાના યુવકની લાક્ષણિકતાઓ જોઈને નોકરી માટે આમંત્રણ આપતાં સમગ્ર ઉત્તર ગુજરાતનો પ્રથમ યુવક બન્યો છે જેને ગુગલે તેડાવ્યો છે.



સફળતા એ કોઈનો ઈજારો નથી. કોઈપણ માણસ જ્યારે ઉંચો લક્ષ્યાંક નક્કિ કરીને એ દિશામાં મહેનત કરે તો સફળતા તેના ચરણ ચૂમે છે. આવો જ એક કિસ્સો મોડાસામાંથી બહાર આવ્યો છે. શરૂઆતથી મોડાસામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મનવા મોહિબઅહેમદ મજીદભાઈએ શહેરની મખદૂમ હાઈસ્કૂલમાં ધો-૧૨ સાયન્સનો અભ્યાસ કર્યો હતો. ધો-૧૨ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેણે કોમ્પ્યુટર સાયન્સમાં સોફ્ટવેર એન્જીનિયરીંગ અભ્યાસ કર્યો હતો. સોફ્ટવેર એન્જીનિયર બની ગયેલા ૨૨ વર્ષિય મોહિબે દિલ્હી નજીક આવેલ ગુડગાંવ ખાતે આવેલી સ્પ્રીન્કલર કંપનીમાં એન્જીનિયર તરીકેની નોકરીમાં જોડાયો હતો. મોહિબનું સદનસીબ એ હતું કે આ કંપનીમાં અવાર નવાર વિદેશી કલાયન્ટ આવતા રહેતા હતા. વિદેશી કલાયન્ટ આવીને ઈન્ટેલીજન્ટ કર્મચારીઓની પ્રોફાઈલ ચેક કરતા રહેતા હતા. દરમિયાન મોહિબઅહેમદની પ્રોફાઈલ ચેક કરતાં છોકરો ઈન્ટેલીજન્ટ હોવાનું ધ્યાને આવતાં ગુગલે ઈન્ટરવ્યુ માટે આમંત્રણ આપ્યું હતું. ગુગલે ઈન્ટરવ્યુ માટે આમંત્રણ આપતાં મોહિબના હરખનો પાર રહ્યો ન હતો. જ્યારે પરિવારજનો પણ રાજીના રેડ થઈ ગયા હતા અને સગા સંબંધીઓ તેમજ સમાજના આગેવાનોએ પણ આવીને યુવકને ખુબ અભિનંદન આપ્યા હતા. બીજી બાજુ ગુગલનું ઈન્ટરવ્યુ પણ સાદુ સીધું તો હોતું નથી ખુબ જ અઘરું હોય છે. તે માટેની ભારે તૈયારીઓ આ યુવકે આદરી દીધી હતી અને ઈન્ટરવ્યુ આપ્યું હતું. યુવકની ઈન્ટેલીજન્સીને ધ્યાને રાખીને ગુગલે તેને એપોઈન્ટ કરી દીધો હતો.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારથીના ભાવિનો ફેંસલો થનાર છે તેમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, કેન્દ્રિય પ્રધાન મેનકા ગાંધી, ઉત્તરપ્રદેશ સરકારના પ્રધાન રીટા બહુગુણા તેમજ ભોજપુરી સુપરસ્ટાર દિનેશ લાલ નિરહુઆનો સમાવેશ થાય છે. ઉતરપ્રદેશની વાત કરવામાં આવે તો કુલ ૨.૫૩ કરોડ મતદારો રહેલા છે. જ્યારે ૧૭૭ ઉમેદવારો મેદાનમાં છઠે. તેમના રાજકીય ભાવિનો ફેંસલો કરવા માટે કુલ ૧૬૯૯૮ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. જ્યારે મતદાન બુથની સંખ્યા ૨૯૦૭૬ રાખવામાં આવી છે.મતદાનને લઈને પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આવી સ્થિતીમાં કો પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતા પગલા પણ લેવામાં આવી રહ્યા છે. હજુ સુધી પાંચ તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. આની સાથે જ ૪૨૫ સીટ પર મતદાનન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે બાકીના બે તબક્કામાં ૧૧૮ સીટ પર મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જે પૈકી સાત રાજ્યોને આવરી લેતી લોકસભાની ૫૯ સીટ પર આવતીકાલે મતદાન થનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૨ સીટો ઉપર સાત મની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થયુ હતુ અને ૨૯મી એપ્રિલના દિવસે ચોથા ચોથા તબક્કામાં મતદાન થયુ હતુ.છટ્ઠી મેના દિવસે પાચંમા તબક્કામાં મતદાન થયુ હતુ. ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.